# બનાસવાસીઓને બાનમાં લેનારી ૧૦૮ની હડતાળ ૧૩ કલાકમાં સમેટાઈ

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ૧૦૮ જેવી ઈમરજન્સી સેવાને એકાએક બંધ કરી ૧૦૮ કર્મીઓ હડતાળ પર ઉતરી જતા જિલ્લામાં દર્દીઓને પારાવાર મુશ્કેલીઓ પડી હતી. જોકે, ૧૦૮ મેનેજમેન્ટ અને મામલતદારની મધ્યસ્થી બાદ સમાધાન થતા ૧૩ કલાક બાદ આ ઈમરજન્સી સેવા ચાલુ કરાઈ હતી.

ગતરાત્રે ડીસા પોલીસ મથકના પી. આઈ દ્વારા ૧૦૮ કર્મીને લાફો મારવાના મુદ્દે અને ૧૦૮ ના ૨ સસ્પેન્ડ કર્મીઓ ને ફરજ પર લેવાના મુદ્દે જિલ્લા ના ૧૦૮ના કર્મીઓ ગત મધરાતથી હડતાળ પર ઉતરી ગયા હતા. અને એમ્બ્યુલન્સ સહિત કર્મી ઓ પાલનપુર એસ.પી.કચેરીએ પોલીસ દમનના વિરોધ મા વિરોધ પ્રગટ કર્યો હતો.

અગાઉ ૧૦૮ કર્મીઓએ તેમના પ્રશ્નો ને લઈ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. અને તેમની માંગણીઓ સંતોષવાની રજુઆત કરી હતી.જોકે, આ પગલાંના ભાગરૂપે આજે હડતાળ પર જવાના પ્રી પ્લાનથી ૧૦૮ કર્મીઓ ડીસા પોલીસ મથકે આગોતરા આયોજનની જાણ કરવા ગયા હતા જ્યાં ૧૦૮ કર્મી અને પી આઈ ની બબાલ હડતાળમા પરિણમી હોવાનું ૧૦૮ના કર્મીએ જણાવ્યું હતું.



ઈમરજન્સી સેવા બંધ જ ન કરી શકાય. આ સેવા બંધ કરનાર પર એસ્મા પણ લાગુ પડી શકે છે. ત્યારે ૧૦૮ ના કર્મીઓ એ યોગ્ય રજુઆત કરવાને બદલે પ્રજા ને બાનમાં લેવાના પગલાં ના ભાગરૂપે હડતાળ પર ઉતરી જવાથી પ્રજા માનસ પર વિપરીત અસર થઈ છે. જોકે અમદાવાદ થી પાલનપુર દોડી આવેલા ૧૦૮ ના હેડ અને તંત્ર ની દરમ્યાનગિરીથી હડતાળ ના તેર કલાક બાદ સમાધાન કરી અને ૧૦૮ સેવા પૂર્વવત કરાઈ હોવાનો દાવો ૧૦૮ના ગુજરાતના ઓપરેશન હેડ સતીશ પટેલએ કર્યો હતો.

જોકે, સસ્પેન્ડ કરાયેલા બે ૧૦૮ કર્મીઓનું સસ્પેન્સશન પરત ખેંચાયું નથી. આ ઉપરાંત આવશ્યક સેવા હોવા છતા હડતાલનો માર્ગ અખત્યાર કરનાર ૧૦૮ કર્મીઓ સામે તપાસ કરી પગલાં ભરાશે તેવી પણ ચીમકી ઉચ્ચારવામા આવી હતી. ત્યારે ૧૦૮ કર્મીઓએ ફુકેલું હડતાલનું રણશિંગું બુમરેંગ સાબિત થયું હતું.

## ખેડબ્રહ્મામાં બુટલેગરની ગાડીમાંથી દારૂની પેટીઓ પડતા નાગરિકો લઈ ગયા

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા શહેર રાજસ્થાન બોર્ડર નજીકનું છેલ્લુ શહેર હોઈ ગુજરાતમાં દારૂ માટેના વાહનો ખેડણા અથવા લક્ષ્મીપુરા થઈ ખેડબ્રહ્મામાંથી પસાર થાય છે.

લક્ષ્મીપુરા ચાર રસ્તા ઉપરના પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર શનિવાર રાત્રીના ૯.૩૦ કલાકે લક્ષ્મીપુરા તરફથી આવતી હુન્ડાઈ આઈ ટેન ગાડી પાછલી સીટ અને ડીકીમાં ચીક્કાર ભરેલી આવી લક્ષ્મીપુરા ચાર રસ્તા પર દારૂના ત્રણથી ચાર બોટલ પડી ગયા હતા, ત્યાં ઉભેલા લોકોએ ગાડી ચાલકને બુમ પાડી હતી પણ પકડાઈ જવાના ડરથી બુટલેગર ગાડી લઈને ભાગી ગયા હતા. રોડ પર પડેલા બોક્સ ખોલી થેલા અંદર ઈંગ્લીશ દારૂના ટીન હોવાનુ માલુમ પડતા દારૂની લૂંટ મચી હતી અને થોડીવારમાં જ બધી જ દારૂના ટીન લોકો લઈ ગયા હતા.

# અરવલ્લી જિલ્લામાં શામળાજી-ભિલોડાને જોડતી એસટી બસોના અભાવે મુસાફરોને ભારે હાલાકી

### એક સાથે બસો દોડે પણ વચ્ચેના સમયે એક પણ બસ હોતી નથી : ખાનગી વાહનોને ઘી-કેળા

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લામાં મોડાસાથી શામળાજી અને ભિલોડાને જોડતી પૂરતી એસટી બસોના અભાવે મુસાફરીની ભારે હાલાકી વેઠવી પડી રહી છે.

એક સાથે બસો દોડે પણ વચ્ચેના સમયે એકપણ બસ હોતી નથી જેને લીધે ખાનગી વાહનોને ઘી-કેળાં થઈ રહ્યાં છે.

મોડાસાથી શામળાજી વચ્ચે સવારે ૧૦ વાગે એક બસની તાતી જરૂર છે જ્યારે ૧૦ થી૧૦.૧૫ દરમિયાન બસની જરૂરીઆત માટે રજુઆત કરાઈ છે. સાંજના દોઢ કલાકમાં એક પણ બસ નથી. સાંજના ૬.૧૫ કલાકે બોડેલી-ઈડર બસ મોડાસાથી ઉપડે છે તે પછી ૭.૪૫ કલાકે મોડાસાથી વડોદરા શામળાજી બસ ઉપડે છે.સાજના મોડાસાથી ભિલોડા લોકલ બસ ૬.૪૫ વાગે મોડાસાથી ઉપડે તેવી બસની ખાસ જરૂર છે.




એસટી બસો પૂરતી નથી તેથી તે સમયે ખાનગી વાહનોને ઘી કેળાં થતા હોઈ જરૂરી બસો આ રૂટ ઉપર દોડાવવામાં આવે તે સમયની માંગ છે.

# અરવલ્લી જિલ્લાના વિકલ્પ કેમ્પની જગ્યાઓ જાહેર ન કરાતા પ્રાથમિક શિક્ષકો મૂંઝવણમાં મુકાયા

અરવલ્લી, તા. ૭

અરવલ્લી જિલ્લામાં તા. ૯-૫-૨૦૧૭ના રોજ ધોરણ ૬ થી ૮માં વિષય શિક્ષકોની જગ્યાઓ ભરવા માટેનો વિકલ્પ કેમ્પ યોજવામાં આવનાર છે. જેમાં ધો. ૧ થી ૫માં ફરજ બજાવતા અને ૬ થી ૮માં વિષય શિક્ષક તરીકેની લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષકોને ૬ થી ૮માં વિકલ્પ પસંદ કરવાના ફોર્મ ભરવામાં આવ્યા છે. ત્યારે વિકલ્પ કેમ્પની ખાલી જગ્યાઓ જાહેર ન કરાતાં શિક્ષકો મુંઝવણમાં મુકાયા છે. ધોરણ ૬ થી ૮માં વિકલ્પ મેળવવા માટે જે શિક્ષકોએ ફોર્મ ભરેલા છે તેઓને જે પસંદગીથી જગ્યાઓ નહી હોય તો તેઓએ કાયમ માટે વિકલ્પનો લાભ જતો કરવાનો હોય છે. જેથી કરીને જો વિકલ્પ કેમ્પના ફોર્મ ભર્યા પહેલા જગ્યાઓ જાહેર કરવામાં આવે તો પસંદગીની જગ્યા જોઈને શિક્ષકો વિકલ્પ મેળવવાનું ફોર્મ ભરી શકે જેને લઈને ભવિષ્યમાં વિકલ્પનો લાભ મેળવી શકે.

અરવલ્લી જિલ્લાના તાલુકા મથકોએ વિકલ્પ કેમ્પની જગ્યાઓ અંગે પુછપરછ કરવામાં આવે તો જગ્યાઓ બાબતે યોગ્ય જવાબો મળતા નથી જેને લઈને વિકલ્પ મેળવનાર શિક્ષકોએ યોગ્ય સ્થળ પસંદ નહી પડે તો ભવિષ્યમાં વિકલ્પ જતો કરવાની મુંઝવણમાં મુકાયા છે. ત્યારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા કેમ્પ પહેલા વિકલ્પ ૬ થી ૮ની જગ્યાઓ જાહેર કરવામાં આવે તે અત્યંત જરૂરી છે.



## પટેલઢુંઢા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

આ સેવાસેતુ કાર્યક્રમમાં જાતિના દાખલા, ક્રિમિનલ સર્ટીફીકેટ, રેશનકાર્ડ, ડિજીટલ લોકર, મા અમૃતમ કાર્ડ, કૃષિ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, આદિજાતી વિભાગ, વિધવા, વયવંદના સહાય, આરોગ્ય વિભાગ, પાણી પુરવઠા, ઊર્જા વિભાગ જેવા પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા સરકારી વહીવટને પારદર્શક સંવેદનશીલ અને વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી પ્રવર્તમાન વહીવટી તંત્રમાં વધારાની વ્યવસ્થાનો ઉમેરો કરી રાજ્યના નાગરીકોને સ્પર્શતી સામુહીક રજુઆતોનો સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તેમજ લોકોલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે મેઘરજ તાલુકાના પટેલઢુઢા ખાતે સેવાસેતુ કાર્યક્રમ તા. ૫-૫-૨૦૧૭ના રોજ ૧૦ કલાકે યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રજાજનોની રૂબરૂમાં સામુહીક પ્રજાહિતના પ્રશ્નોની રજુઆતો ઉપર સંબંધિત વિભાગના કુલ ૩૭૦૪ પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી મોડાસા, મામલતદાર, તેમજ વિભાગના અધિકારીઓ તથા પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

# 'દાડમના દાણાં લાવ્યા અઢળક નાણાં' મહેરપુરા ગામ પર સમૃદ્ધિની મહેર

મહેરપુરા, તા. ૭

મહેરપુરા ગામ નાનુ પણ સિદ્ધિ મોટી... માત્ર ૭૫ પરિવાર ધરાવતુ આ ગામ અધધ કહી શકાય તેવુ રૂ. ૧૫ કરોડનું ઉત્પાદન મેળવે છે અને તે પણ બાગાયત પાકોની ખેતી દ્વારા. શીયા મોમીનની મહત્તમ વસ્તી ધરાવતા આ ગામનું પ્રત્યેક પરિવાર સરેરાશ રૂ. ૨૦ લાખની આવક મેળવે છે. વાત કંઈક આમ છે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરથી ૨૦ કિમી દૂર આ મહેરપુરા ગામમાં ૭૫ પરિવાર રહે છે. ગામનો મુખ્ય વ્યવસાય ખેતી છે પરંતુ આ ગામે ખેતીના તમામ નવા આયામોને આત્મસાત કર્યા છે. ૫૨૮ની જન સંખ્યામાં ૮૮ નાના અને ૫૦ મોટા મળી કુલ ૧૩૮ ખેડૂતો છે ૪૩૧ હેક્ટરનો કુલ વિસ્તાર પૈકી ૩૦૦ હેક્ટર ડ્રીપ ઈરીગેશન છે. અહીંના ખેડૂતોએ પાક પરિવર્તન સાથે અદ્યતન ખેતી પદ્ધતિ, પાણીનો કરકસર પૂર્ણ ઉપયોગ અને કૃષિ ક્ષેત્રે થયેલા સંશોધનોને પોતાના ખેતરોમાં અજમાવ્યા છે.

**નાનકડુ મહેરપુરા ગામ બાગાયતી પાક દ્વારા ૧૫ કરોડનું માતબર ઉત્પાદન મેળવે છે : માત્ર ૭૫ પરિવાર અને પ્રત્યેકની સરેરાશ આવક ૨૦ લાખ**

પ્રગતિશીલ ગામમાં દાડમનું મહત્તમ ઉત્પાદન છે. ૧૪૦ હેક્ટર વિસ્તારમાં દાડમના વાવેતર ખેડૂતોની આર્થિક કાયાપલટ કરી છે. હેક્ટર દીઠ ૧૬ મે. ટનના ઉત્પાદન સાથે કુલ ૨૨૪૦ મે. ટન દાડમનું ઉત્પાદન થાય છે.

દાડમના ઉત્પાદન સાથે સંકડાયેલા રફીકભાઈ પટેલ કહે છે કે હું અહિં બેઠા બેઠા મારા દાડમ અમદાવાદ-દિલ્હીના બજારમાં વેચુ છુ. પ્રતિ કિલોએ રૂ. ૮૦ના ભાવે મારા દાડમ વેચાય છે. હું પહેલા ધાન્ય પાકોની ખેતી કરતો હતો પણ દાડમે મારી સમૃદ્ધિ વધારી છે. સમગ્ર ગામમાં દાડમના પાકની કુલ આવક રૂ. ૧૪ કરોડને આંબી ગઈ છે.

દાડમ ઉપરાંત ૩૦ હેક્ટરમાં ટેટી, ૨૦ હેક્ટર વિસ્તારમાં તરબુચ, ૩૦ હેક્ટરમાં સરગવાનું વાવેતર થાય છે. જ્યારે ૧૨ હેક્ટરમાં બટાકા, ૧૩ હેક્ટરમાં મોસંબી, ૧૦ હેક્ટરમાં ચીકુ, ૩ હેક્ટરમાં જામફળ, ૨૦ હેક્ટરમાં વરયાળી અને ૨૨ હેક્ટરમાં શાકભાજીનું વાવેતર કરાય છે. આમ કુલ ૩૦૦ હેક્ટરમાં બધા પાકોનું મળી કુલ ૫૨૪૩ મે. ટનનું ઉત્પાદન થાય છે.

# ગણપત યુનિવર્સિટીના આંગણે ઈન્ટરનેશનલ યંગ સાયન્ટિસ્ટ કોંગ્રેસ અને વર્કશોપનું બે દિવસીય આયોજન

### આંતરરાષ્ટ્રીય કક્ષાના અભ્યાસીઓ, સંશોધકો, વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓ વચ્ચે જ્ઞાનનું આદાન-પ્રદાન તેમજ સાયન્ટિફિક રાઈટિંગ ઉપર વિશેષ વર્કશોપ યોજાશે

ગણપત યુનિવર્સિટી, તા. ૭

તા. ૮ અને ૯ મે, ૨૦૧૭ દરમિયાન રાજ્યની પ્રથમ હરોળની હાઈટેક વિદ્યા-સંસ્થા ગણપત યુનિવર્સિટીના આંગણે ઈન્ટરનેશનલ યંગ સાયન્ટિસ્ટ કોંગ્રેસ અને સાયન્ટિફિક રાઈટિંગ ઉપર બે દિવસીય સેમિનાર અને વર્કશોપનું આયોજન થયું છે.

ગણપત યુનિવર્સિટીની અંગભૂત કોલેજ મહેસાણા અર્બન ઈન્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ અને ઈન્ટરનેશનલ સાયન્સ કોમ્યુનિટી એસોસિએશને પરસ્પરના સહયોગમાં આ બે દિવસીય સેમિનાર અને સાયન્ટિફિક રાઈટિંગ ઉપરના વર્કશોપનું આયોજન કર્યુ છે, જેમાં મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય કક્ષાના વિદ્વાનો સાથેના પ્લેનરી સેશન્સ, પોસ્ટર-પ્રેઝન્ટેશન, ઈન્સ્ટિટ્યૂટશનલ યંગ સાઈન્ટિસ્ટ એવોર્ડઝનો અર્પણવિધિ, મૌખિક રજુઆત, સાયન્ટિફિક-રાઈટિંગ વર્કશોપ જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં સાયન્સ માટેના અભ્યાસ-સંશોધનની રૂચિ અને નિપુણતા કેળવાય તેવાં પ્રયાસો કરવામાં આવશે.

૮મી તારીખે સવારે ૧૦ વાગે યોજાનારા આ ઈન્ટરનેશનલ યંગ સાયન્ટિસ્ટ કોંગ્રેસના શુભારંભ સમારોહમાં સેન્ટ્રલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. એસ. એ. બારી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે તો વૈજ્ઞાનિક અને ગણપત યુનિવર્સિટીના એક ટ્રસ્ટી ડૉ. દશરથભાઈ પટેલ, ઓએનજીસી, મહેસાણા એસેટના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર વિનય પંડ્યા, એપોલો ઈન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર અને યુનિ.ના બોર્ડ મેમ્બર આનંદભાઈ પટેલ, સ્વામિ વિવેકાનંદ યુનિ. (છત્તીસગઢ)ના કેમેસ્ટ્રી અને બાયોટેકનોલોજીના પ્રોફેસર ડૉ. સંતોષ સાર, નેશનલ રિસર્ચ સેન્ટર, કેરો, ઈજિપ્તના ડૉ. સેહમ હેન્ડવી, ગણપત યુનિ.ના ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા, સાયન્સ ફેકલ્ટીના ડીન પ્રો. ડૉ. આર.કે. પટેલ, યુનિ. રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ તેમજ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ પ્રો. અમિત પટેલ અતિથિવિશેષ તરીકે ખાસ ઉપસ્થિત રહેશે.

ગણપત યુનિવર્સિટીના નવા બંધાયેલા એકદમ આધુનિક ઓડિટોરિયમમાં યોજાઈ રહેલા આ સમારોહ અને સમગ્ર અવસરને સફળ બનાવવા માટે પ્રો. દિપક શર્મા તેમજ ડૉ. આશિષ શર્મા સહિત અનેક પ્રાધ્યાપક અને વિદ્યાર્થી-મિત્રો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

## પેન્શનરોની હયાતી બાબત

મોડાસા, તા. ૭

આથી જિલ્લા તિજોરી કચેરી, અરવલ્લીથી પેન્શન મેળવતા પેન્શનરોને જણાવવાનું કે તેઓની હયાતીની વાર્ષિક ખરાઈ માહે. મે, જુન તથા જુલાઈ અંત સુધીમાં કરાવવી ફરજીયાત હોઈ તેઓ જે બેંકમાંથી પેન્શન મેળવતા હોય ત્યાં રૂબરૂમાં જઈ ખરાઈ કરાવી લેવાની રહે છે.

હયાતીની ખરાઈ ઓનલાઈન 'જીવન પ્રમાણ પોર્ટલ' treasuryaravalli@gujarat.in દ્વારા પણ કરાવી શકાશે. વધુમાં જે પેન્શનરોના આધારકાર્ડની નકલ જિલ્લા તિજોરી કચેરીમાં રજુ કરવાની બાકીમાં હોય તેમણે સત્વરે જમા કરાવવાની રહેશે.



આ સેવાસેતુ કાર્યક્રમમાં જાતિના દાખલા, ક્રિમિનલ સર્ટીફિકેટ, રેશનકાર્ડ, ડિજીટલ લોકર, મા અમૃતમ કાર્ડ, કૃષિ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, આદિજાતી વિભાગ, વિધવા, વયવંદના સહાય, આરોગ્ય વિભાગ, પાણી પુરવઠા, ઊર્જા વિભાગ જેવા પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા સરકારી વહીવટને પારદર્શક સંવેદનશીલ અને વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી પ્રવર્તમાન વહીવટી તંત્રમાં વધારાની વ્યવસ્થાનો ઉમેરો કરી રાજ્યના નાગરીકોને સ્પર્શતી સામુહીક રજુઆતોનો સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તેમજ લોકોલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે માલપુર તાલુકાના હેલોદર પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુ કાર્યક્રમ તા. ૫-૫-૨૦૧૭ના રોજ ૧૦ કલાકે યોજવામાં આવ્યો હતો.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

કરતા સામે જમીન મહેસુલ સંહિતાની કલમ ૨૦૨ મુજબની કાર્યવાહી અધિકાર દ્વારા કરવામાં ના આવી હોય અને તે મતલબની નોંધ રેકર્ડમાં પાડેલી ના હોય તો જમીન મહેસુલ સંહિતાની કલમ ૭૯(૧) તથા ૬૧ મુજબ સીધેસીધું પંચનામું કરી દબાણ કરતા જમીનમાંથી દૂર કરવાની કાર્યવાહી હાથ ધરે શકાય નહિ.

નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલની સ્ટેટ ઓફ ગુજરાત અને અન્ય વિરૂધ્ધ લેટર્સ પેટન્ટ અપીલ નં. ૭૬૫/૧૬ સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નં. ૧૮૭૯૮/૧૪ તથા ૭૮૩૩/૧૬ કામે જજમેન્ટ આપતા નામદાર કોર્ટે ઠરાવી શરત ભંગના કેસમાં જમીનનો કબજો લેવા માટે જમીન મહેસુલ સંહિતાની કલમ ૨૦૨ મુજબની કાર્યવાહી અનુસરવી ફરજીયાત ઠરાવી છે. આવી ટેકનિકલ બાબતો તથા ભૂલનો લાભ જમીન માલીકો તથા દબાણ કરતાઓને મળશે અને પોતાની જમીનના કબજાનું રક્ષણ કરી શકશે.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

જે પક્ષ કે સત્તા સમીકરણોનો ઉદય થશે, એને પ્રણામ કરવાનું રાજ્યની પ્રજાને ફાવશે. આ પરંપરા બાહ્ય આક્રમણખોરો અને શાસકોના વખતથી ચાલી આવતી હોવાનો ઈતિહાસ સાક્ષી છે. હવે તો શાસકો પોતીકા છે. જે સત્તામાં હોય એ આપણા જ એવી ગુજરાતી પ્રજાની માનસિકતા સર્વવિદિત છે.

ભાજપના શાસનના બે દાયકા પછી પ્રજા કેવો પ્રતિભાવ આપશે એ કહેવું મુશ્કેલ છે. જોકે, ભાજપની નેતાગીરી કોઈ જોખમ વહોરવા નથી ઈચ્છતી. રાષ્ટ્રપતિની ચૂંટણી ૨૫ જુલાઈ ૨૦૧૭ પહેલાં થાય ત્યાં લગી તો વિધાનસભાને અકબંધ રાખીને ભાજપી ઉમેદવારને વિજયી બનાવવાનો એનો સંકલ્પ છે.

બધા વિરોધપક્ષો એક થાય તો વડા પ્રધાન મોદીના રાષ્ટ્રપતિપદના ઉમેદવાર માટે મુશ્કેલી સરજી શકે, પરંતુ જેમ ગુજરાતમાં શંકરસિંહની ચોટલી મોદીહસ્તક છે એવું જ કાંઈક શરદ પવાર અને પ્રફુલ્લ પટેલની ચોટલી પણ નરેન્દ્રભાઈના હાથમાં છે. કેન્દ્ર સરકારની તપાસ એજન્સીઓની સાથે જ મહારાષ્ટ્રની ભાજપ સરકારનું તંત્ર પણ જે કાંઈ કરી શકે એનો અણસાર સામેવાળાઓને મળી ચૂક્યો છે. અલ્પેશ ઠાકોર અને પ્રફુલ્લ પટેલની ગુજરાતમાં સક્રિયતા કોંગ્રેસના વૉટ કાપીને ભાજપને લાભ પહોંચાડવાની દિશામાં જ છે. હજુ હૈદરાબાદવાળા અસદુદ્દીન ઓવૈસી પણ ગુજરાતમાં ખાબકીને ભગવી સેનાને મદદરૂપ થવાનાં એંધાણ જરૂર વર્તાય છે.

- haridesai@gmail.com

# બેંગ્લોર પર કોલકાતાની એકતરફી જીત

### ગેઇલ, કોહલી અને ડિવિલિયર્સનો ફ્લોપ શો : બેંગ્લોરને હરાવીને કોલકાતાની ટીમ પ્લે ઓફમાં પહોંચી

અમદાવાદ, તા.૭

આઈપીએલની એક મેચમાં આજે કોલકાતા નાઈટ રાઈડર્સે એક તરફી મેચમાં બેંગ્લોરને છ વિકેટે હરાવીને પ્લે ઓફમાં પહોંચી જવામાં સફળતા મેળવી હતી. વિરાટ કોહલી, ક્રિસ ગેઈલ અને ડિવિલિયર્સ જેવા ખેલાડીઓનો ફરી ફ્લોપ શો રહ્યો હતો. સુનિલ નારેને ૧૫ બોલમાં અડધી સદી કરીને નવો ઈતિહાસ સર્જ્યો હતો. નારેન મેન ઓફ દ મેચ જાહેર થયો હતો. કોલકાતા તરફથી સુનીલ નારાયણે આક્રમક ૫૪ તેમજ ક્રિસ લીને ૫૦ રન બનાવ્યા હતા. સુનિલ નારાયણે ૧૫ બોલમાં અડદી સદી ફટકારી આઈપીએલમાં ઈતિહાસ રચ્યો હતો.

આ જીત સાથે કોલકાતા નાઈટ રાઈડર્સ ૧૨ મેચમાં ૧૬ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગયું છે. સુનીલ નારાયણે આક્રમક રમત રમતા કોલકાતાને સંગીન શરૂઆત અપાવી હતી. કોલકાતાએ પાવર પ્લેની ૬ ઓવરમાં જ ૧૦૫ રન બનાવી લીધા હતા. સુનીલ નારાયણે ૧૫ બોલમાં ૫૦ રન ફટકારી યુસુફ પઠાણના રેકોર્ડની બરાબરી કરી હતી. સુનીલ નારાયણ ૧૭ બોલમાં ૫૪ રન બનાવી આઉટ થયો હતો. આ દરમિયાન તેને ૪ સિક્સર અને ૬ ફોર ફટકારી હતી. જ્યારે ક્રિસ લીને ૫૦ રન બનાવ્યા હતા, આ દરમ્યાન તેને ૪ સિક્સર અને ૫ ફોર ફટકારી હતી. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૫૮ રન બનાવ્યા હતા. બેંગલુરુ તરફથી ટ્રેવિસ હેડે સૌથી વધુ ૭૫ રન બનાવ્યા હતા.